# સોનિયાએ રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી

રાયબરેલી,તા. ૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે રાયબરેલી લોકસભા બેઠક પરથી પોતાના ઉમેદવારી પત્રો દાખલ કર્યા હતા. આની સાથે જ રાયબરેલીમાં રાજકીય ગરમી ચરમસીમા પર પહોંચી ગઈ છે. જોરદાર સ્વાગત વચ્ચે સોનિયા ગાંધીએ રાયબરેલીમાંથી તેમના પત્રો દાખલ કર્યા હતા. સોનિયા ગાંધીએ ઉમેદવારીપત્રો દાખલ કરતી વેળા ૯ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે. ૬૭ વર્ષીય સોનિયા ગાંધી આ બેઠક પરથી ફેરચુંટણી લડી રહ્યા છે. આજે ઉમેદવારી પત્ર સોનિયા ગાંધીએ દાખલ કર્યા ત્યારે તેમની સાથે પક્ષના ઉપપ્રમુખ અને તેમના પુત્ર રાહુલ ગાંધી પણ હતા. રિટર્નીંગ ઓફિસર સમક્ષ સોનિયા ગાંધીએ તેમના ઉમેદવારી પત્રો દાખલ કર્યા હતા. અહીં સમાજવાદી પાર્ટીએ કોઈપણ ઉમેદવારને મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ભાજપે સુપ્રીમ કોર્ટના વકીલ અજય અગ્રવાલને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે એએપી તરફથી કોઈ ઉમેદવારની જાહેરાત કરાઈ નથી. સોનિયા ગાંધીએ ૯.૨૮ કરોડની સંપત્તિ જાહેર કરી હતી. અલબત્ત તેમના નામ ઉપર કોઈ વાહન દર્શાવવામાં આવ્યા નથી. તેમની પાસે કુલ ૯.૨૮ કરોડથી વધુની સંપત્તિ છે. જેમાં જંગમ અને સ્થાવર સંપત્તિનો સમાવેશ થાય છે. છેલ્લી ચુંટણીમાં જાહેર કરવામાં આવેલી સંપત્તિની સરખામણીમાં ગાંધીની સપંત્તિમાં છ ગણો વધારો થયો છે. કોંગ્રેસના સુત્રોનું કહેવું છે કે, છેલ્લી વખતે સંપત્તિના મુલ્યાંકનની જાહેરાત બુક વેલ્યુના આધાર પર કરાઈ હતી. જ્યારે આ વખતે માર્કેટ મુલ્યના આધાર ઉપર સંપત્તિની જાહેરાત કરાઈ છે. ગાંધીએ તેમના પુત્ર રાહુલને ૯ લાખ રૂપિયાની લોન આપેલી છે. વર્ષ ૨૦૧૨-૧૩ના તેમન ઈન્કમટેક્સ રિટર્નમાં સોનિયા ગાંધીએ ૧૪.૨૧ લાખ રૂપિયાની આવક દર્શાવી હતી. મુએબલ સંપત્તિમાં તેમની પાસે રોકડમાં ૮૫૦૦૦ની રકમ છે. બેંકમાં ૬૬ લાખ રૂપિયા છે. ૧૦ લાખ રૂપિયાના બોન્ડ છે. ૧.૯૦ લાખ રૂપિયાના શેર છે. ગાંધી પાસે ૮૨.૨૦ લાખ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ છે. ૪૨.૪૯ લાખ રૂપિયાની પીપીએફની રકમ છે. જ્યારે ૨.૮૬ લાખ રૂપિયાની રાષ્ટ્રીય બચત સ્કીમ છે. ૬૨ લાખ રૂપિયાના ઘરેણાં છે. છેલ્લી ચુંટણીમાં સોનિયા ગાંધીએ ૨૦૦૯માં ઉમેદવારી પત્ર ભરતી વેળા ૧.૩૭ કરોડની સંપત્તિ જાહેર કરી હતી. ઉમેદવારી પત્રો ભરતા પહેલા આજે સવારે આવી પહોંચ્યા બાદ સોનિયા ગાંધીનું ભવ્ય સ્વાગત કરાયું હતું. ૧૯૬૦ બાદથી આ મત વિસ્તાર નહેરુગાંધી પરિવાર માટે ગઢ સમાન છે. ઈન્દિરા ગાંધી ૧૯૬૭માં પ્રથમ વખત અહીંથી જીત્યા હતા. ગાંધી રાયબરેલીમાંથી ત્રણ વખત જીતી ચુક્યા છે. જેમાં ૨૦૦૬માં પેટાચુંટણીની જીતનો સમાવેશ થાય છે. ૧૯૯૯માં અમેઠીમાંથી સોનિયા જીત્યા હતા.



## દક્ષિણ ભારતમાં રાહુલની સામે મોદી ફ્લોપ : સર્વેક્ષણના તારણ

નવી દિલ્હી,તા. ૨

હજુ સુધીના ચૂંટણી સાથે સંબંધિત ઓપિનિયન પોલ અને સર્વેથી નિરાશ થયેલી કોંગ્રેસ પાર્ટી માટે આખરે રાહત જનક સમાચાર આવ્યા છે. નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દક્ષિણ ભારતમાં રાહુલ ગાંધી ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી કરતા વધારે સારી સ્થિતીમાં દેખાઈ રહ્યા છે. કર્ણાટકમાં ભાજપ માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે રાજ્યમાં કોંગ્રેસ ભાજપ પર ભારે પડનાર છે. સીએનએન-આઈબીએન-સીએસડીએસ-લોકનિતી ધ વીક ઈલેક્શન ટ્રેકરના કરવામાં આવેલા દાવામાં જણાવમાં આવ્યું છે દક્ષિણ બારતમાં કોંગ્રેસ તેની સ્થિતીને સુધારવામાં સફળ રહેશે. સર્વે મુજબ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અહીં ૧૨-૧૮ બેઠકો જીતી શકે છે. ભાજપને અહીં ૭-૧૨ બેઠકો મળી



શકે છે. જેડીએસને ૧-૪ બેઠકો મળી શકે છે. સર્વેમાં કેટલીક રસપ્રદ બાબતો સપાટી પર આવી છે. ફેબ્રુઆરીની સરખામણીમાં કર્ણાટકમાં કોંગ્રેસના મતમાં ચાર ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. કોંગ્રેસ પાર્ટીને રાજ્યમાં ૪૬ ટકા મત હિસ્સેદારી મળવાની શક્યતા છે. ફેબ્રુઆરીની તુલનામાં ભાજપને ચાર ટકા વધારે મત મળી રહ્યા છે. પરંતુ તેની સ્થિતી કોંગ્રેસ કરતા નબળી દેખાઈ રહી છે. ભાજપને આ વખતે ૩૬ ટકા મત હિસ્સેદારી મળવાની વાત કરવામાં આવી રહી છે. જ્યારે જેડીએસને છ ટકા મતનુ નુકસાન થાય તેવી આગાહી કરવામાં આવી છે. તેને ૧૨ ટકા મત હિસ્સેદારી સાથે સંતોષ માનવાની ફરજ પડી શકે છે. આમ આદમી પાર્ટી અને અન્ય પાર્ટીને ૧ થી પાંચ ટકા મત મળવાની શક્યતા દેખાઈ રહી છે. મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયાના ચૂટણી પ્રચારના કારણે કોંગ્રેસને દલિતો, લઘુમતિઓ અને ઓબીસી લોકોના મત મળી રહ્યા છે. કોંગ્રેસને આ તમામ સમુદાય મારફતે જ વધારે મત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. સર્વેના તારણ ખુબ રસપ્રદ રહ્યા છે.

## ભારતમાં કોમ્પ્યુટરનું માર્કેટ ૨૦૧૪માં વધુ ઘટે તેવી વકી

નવી દિલ્હી, તા. ૨

નબળા આર્થિક વિકાસદરના પરિણામ સ્વરૂપે ભારતમાં પીસીનું વેચાણ ૨૦૧૩માં વાર્ષીકરીતે ૪.૮ ટકા વધ્યુ હતુ અને જુદી જુદી રાજ્યસરકારો દ્વારા ખાસ પ્રોજેક્ટોના પરિણામ સ્વરૂપે ૧૧.૫ મિલિયન યુનિટ પીસીનું વેચાણ થયુ હતુ. પરંતુ પીસી માર્કેટનું ચિત્ર હવે ખૂબજ ચિંતાનજક દેખાઈ રહ્યુછે. આવનાર દિવસોમાં પીસી માર્કેટનું કદ ઘટી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. માર્કેટ રિસર્ચ કંપનીનો મત છે કે જાહેર ક્ષેત્રની કંપનીઓ દ્વારા ખર્ચમાં વિલંબના પરિણામ સ્વરૂપે વેચાણ ઘટવાની શક્યતા દેખાઈ રહી છે. શિક્ષણ પ્રોજેક્ટના સંદર્ભમાં કોઈ મોટી જાહેરાત કરવામાં આવી નથી આવી સ્થિતિમાં પીસીનું વેચાણ ઘટવાની દહેશત વ્યક્ત કરવામાં આવી છે. આઈડીસીનું કહેવું છે કે વર્ષ ૨૦૧૩માં કોમર્શિયલ પીસી સેગમેન્ટને વધારે નુકસાન થયુ ન હતુ. તેમાં સ્થિતિ સારી રહી હતી. ખાસ પ્રોજેક્ટો ઉપરાંત અન્ય પરિબળો પણ રહ્યા હતા. એકંદરે કન્ઝ્યુમર પીસી માર્કેટમાં ૨૦૧૩માં ૪.૮ મિલિયન યુનિટનું વેચાણ થયુ હતુ. ૨૦૧૨ની સરખામણીમાં પીસીના વેચાણમાં ૭.૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આઈડીસી રિસર્ચના મેનેજર કિરણકુમારનું કહેવું છે કે એકદરે સ્થિતિ ખૂબ સારી રહી છે. સ્માર્ટ ફોન અને ટેબલેટની બોલબાલા હોવાના લીધે પીસીના પ્રવાહમાં ઘટાડો થઈ રહ્યો છે. એકંદરે ૨૦૧૪માં પીસીના માર્કેટમાં હજુ પણ ઉલ્લેખનીય ઘટાડો રહેવાની દહેશત છે આવી સ્થિતિમાં પીસી માર્કેટ સાથે જોડાયેલી કંપનીઓને નવી ટેકનોલોજી સાથે બહાર આવવાની જરૂર પડશે.

**મોદી ત્રીજી-છઠ્ઠી એપ્રિલે રેલીઓ યોજશે**

## મોદી-રાજનાથ ઉત્તરપ્રદેશમાં આક્રમક પ્રચાર માટે સુસજ્જ

લખનૌ,તા. ૨

ઉત્તરપ્રદેશમાં ભાજપ તેની સ્થિતીને વદુને વધુ મજબુત કરવાના પ્રયાસમાં છે. આના માટેની વ્યુહરચના પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે જ ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આક્રમક પ્રચાર કરી રહ્યા છે. હવે પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં મોદી અને રાજનાથસિંહ ઝંઝાવતી પ્રચાર કરનાર છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુંછે કે મોદી આવતીકાલે અને છઠ્ઠી એપ્રિલના દિવસે ઉત્તરપ્રદેશમાં રેલી યોજનાર છે. ઉત્તરપ્રદેશમાં તેમની રેલીને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કારણ કે તેમના પર હુમલા કરવાની ધમકી પહેલાથી જ મળી ચુકી છે. મોદી ત્રીજી એપ્રિલના દિવસે ગાઝિયાબાદના શિપ્રા મોલ ખાતે બપોરે ૧૨ વાહે જન સભાને સંબોધશે. જ્યારે પાર્ટીના પ્રદેશ પ્રવકતા વિજય બહાદુર પાઠકે કહ્યું છે કે મોદી છઠ્ઠી એપ્રિલના દિવસે ધામપુર (બિઝનૌર)ના કેએમ ન્ટિર કોલેજ મેદાનમાં સભા યોજશે. મોદી છઠ્ઠી એપ્રિલના દિવસે અલિગઢમાં પણ પ્રચાર કરનાર છે. બીજી બાજી પક્ષ પ્રમુખ રાજનાથસિંહ ચોથી એપ્રિલના દિવસે સાંજે લખનૌ પહોંચી જશે. તેઓ પાંચ એપ્રિલના દિવસે લખનૌમાં ઉમેદવારી પત્ર ભરશે. તેઓ છ્ઠીએ ઉત્તરપ્રદેશમાં રહેશે. ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કલ્યાણસિંહ પણ આક્રમણ ચૂંટણી પ્રચટાર કરવા માટે તૈયાર છે. લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે હવે આક્રમણ પ્રચાર માટે ભાજપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી તૈયાર છે.ઉત્તરપ્રદેસમાં લોકસભાની સૌથી વધારે બેઠકો હોવાથી તમામ રાજકીય પાર્ટીએ અહીં મુખ્ય ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કારણ કે અહીં મહત્તમ સીટ જીતનાર પાર્ટીની કેન્દ્રમાં સરકારની રચનામાં ચાવીરૂપ ભૂમિકા રહેશે.જેથી અહીં તમામ તાકાત લગાડાઈ છે.

## ચીલીમાં ૮.૨ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ : છના મોત

સેન્ટિયાગો,તા. ૨

ઉત્તરીય ચીલીમાં તાજેતરના ઈતિહાસના સૌથી પ્રચંડ ભૂંકપના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. ૮.૨ની તીવ્રતા સાથે પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યા બાદ આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. આ ભૂકંપ બાદ સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી હતી. આજે વહેલી સવારે આ આંચકો આવ્યો હતો. દેશના સમગ્ર પેસિફિક દરિયાકાઠે રહેતા લોકોને ખસેડવામાં આવ્યા હતા. ચીલીના ગૃહપ્રધાને પ્રાથમિક રીતે માહિતી આપતા કહ્યું હતું કે આ ભૂકંપમાં છ લોકોના મોત થઈ ગયા છે. મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. દક્ષિણ અમેરિકી-ચીલી ભુકંપ પટ્ટીમાં સ્થિત છે અને અહીં વારંવાર ભુકંપ આવતા રહે છે. ચીલીના ઉત્તરમાં પેરુ, ઉત્તર પૂર્વમાં બોલીવીયા અને પૂર્વમાં અર્જેન્ટીના જેવા દેશો છે. ચીલી સરકારે ટેલીવીઝન માધ્યમથી લોકોને વહેલી તકે ખસી જવાની ચેતવણી જારી કરી હતી. ચીલીયન નેશનલ ઓફિસ ફોર ઈમરજન્સીએ માહિતી આપતા કહ્યું છે કે, ૧૦ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. દરિયાકાંઠાના ક્ષેત્રોમાં રહેતા લોકોને મુશ્કિલઓ નડી હતી કારણકે વીજળી અને દૂરસંચાર સેવા ખોરવાઈ ગઈ હતી. બીજીબાજુ પરિસ્થિતિનો લાભ લઈને ઈકીકે શહેરના મહિલા જેલમાંથી ૩૦૦ કેદીઓને સુરક્ષિત ખસેડીને અન્યત્ર



મોકલવામાં આવ્યા હતા. ભુકંપ બાદ ઓછામાં ઓછા ૧૦ આફટર સોક્સ અનુભવાયા હતા. આ તમામની તીવ્રતા પણ ખૂબ જ વધારે હતી. પેસેફીક સુનામી વોર્નીંગ સેન્ટરે કહ્યું હતું કે, ભુકંપથી સર્જાયેલી સુનામીની લહેરોને લઈને સાવધાની રાખવામાં આવી રહી છે. ભુકંપનું કેન્દ્ર પેરુની સરહદની નજીક ઈકીકે બંદરથી ૯૯ કિલોમીટર ઉત્તર પશ્ચિમમાં સ્થિત હોવાનું જાણવા મળેલ છે. જો કે વિનાશક તીવ્રતા હોવા છતાં મોટી ખુવારી ટળી ગઈ છે. ભેખડો ધસી પડવાના અનેક બનાવો બન્યા હતા. વિમાનીમથકને પણ નુકસાન થયું છે. કેટલીક જગ્યાએ આગ ફાટી નિખવી હતી.બનાવ બાદ તમામ લોકો તેમના ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. કેટલીક જેલોને નુકસાન થયું હતું. ધરતીકંપના કેન્દ્રથી ૧૩૯ કિલોમીટરના અંતરે રહેલા વિસ્તાર એરિકા શહેરમાં આવેલી હોસ્પિટલમાં લોકોને સારવાર આપવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં મકાનોને નુકસાન થયું છે. પ્રચંડ ધરતીકંપ બાદ તરત જ સુનામીની ચેતવણી જારી કરાઈ હતી. જેને કેટલાક કલાકો સુધી અમલમાં રાખવામાં આવી હતી.

પેરુ અને અન્ય દરિયાકાઠાના વિસ્તારોમાં વધારે સાવધાની રાખવામાં આવી હતી. અમેરિકાની ભૂકંપ સાથે સંબંધિત સંસ્થાએ અગાઉ તીવ્રતા આઠ રહી છે તેવી વાત કરી હતી જો કે મોડેથી તેની તીવ્રતા અમેરિકાની સંસ્થાએ વધારી હતી. પ્રંચડ આંચકા બાદ કલાકોના ગાળામાં ૧૦થી વધુ શક્તિશાળી આફ્ટરશોક્સ અનુભવાયા હતા. જે પૈકી એકની તીવ્રતા ૬.૨ જેટલી નોંધાઈ હતી. ભારે દહેશતના કારણે કેટલીક જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતી સર્જાઈ હતી.

## સમાચાર ઝલક

- હવામાન બદલાવાથી એશિયાના દેશોમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાશે.
- ન્યાયમૂર્તિ આર.એમ.લોઢા દેશના આગામી મુખ્ય ન્યાયમૂર્તિ બનશે.
- ઔધોગિક મંદીની અસર - રાજયના વેપારી વેરાની આવકમાં ૪૦૦૦ કરોડનું ગાબડું પડ્યું.
- કમોસમી વરસાદની સહાયમાં સૌરાષ્ટ્રની બાદબાકી કરતું ગુજરાત.
- એક્સપ્રેસ હાઇવેની મુસાફરી મોંઘી થઇ, ટોલટેક્સમાં સરેરાશ ૧૮% નો વધારો થયો.
- એ.ટી.એમ. સુરક્ષાનો ખર્ચ ગ્રાહકોનાં માથે નાખવાની ચાલતી વિચારણા ટૂંકમાં અમલી બનશે.
- રેલ્વેનો વિવાદીત કાયદો - સારૂં ચારિત્ર્ય નહિ હોય તો સિઝન ટિકીટ નહીં મળે.
- કોંગ્રેસ દ્વારા ચૂંટણીલક્ષી જાટ સમુદાયને અનામતનો મુદ્દો સુપ્રીમકોર્ટની સમીક્ષા હેઠળ ગયો.
- શાકાહારી ભોજન માટે ભારતીય કેદી મહેન્દ્ર પટેલ ૬ વર્ષ કાનૂની જંગ લડ્યો, અંતે જીત મેળવી.
- સુપ્રીમના પગલે ૧૨૦ લાખ કપાસની ગાંસડી સાથે ગુજરાત ઉત્પાદનમાં મોખરે.
- ફેબ્રુઆરીનો ગ્રાહક ભાવાંક ૨૩૮ જાહેર થયો.
- ઉનાળું વેકેશનમાં વિદેશોમાં ફરવા જવાનો મોહ ઘટ્યો, લોકો ભારતમાં ફરવાનું પસંદ કરે છે.
- શુક્રવારે રિલીઝ થયેલી ત્રણેય ફિલ્મો અનુક્રમે, 'ઢિશ્કીયાઉ, ઓ..તેરી અને યંગીસ્તાન' બોક્સ ઓફિસ પર નબળી સાબિત થઇ.
- ડિપ્લોમાં-ડિગ્રી ધરાવતા દેશના ૨૯% યુવાનો બેરોજગાર છે.
- ભારતીય શેરબજારમાં છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૮૦,૦૦૦ કરોડ વિદેશી નાણાંનું રોકાણ થયેલ છે.
- અટારી સરહદેથી ફરીથી ઘૂસણખોરીનો મોટો પ્રયાસ થયો.
- કૈલાસ માનસરોવર યાત્રા ૮ જૂનથી ૯મી સપ્ટેમ્બર વચ્ચે યોજાશે.
- ભારતમાંથી બ્રિટન અભ્યાસ કરવા જતાં વિધાર્થીઓમાં ઘટાડો નોંધાયો.
- ધો.૧૧ વિજ્ઞાનપ્રવાહની પરિક્ષાનો પ્રારંભ થયો.

**ચુંટણી પંચ અને આવકવેરાની બાજ નજર રહેશે**

## પાન વગર પાંચ કરોડથી વધુ સંપત્તિ ધરાવનાર ઉપર નજર

**ઉમેદવારની યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ ચકાસણી પાનની વિગતો આપવાની ચુંટણીપંચને સ્પષ્ટ સૂચનાઓ**

નવી દિલ્હી,તા.૨

દેશના ઈતિહાસમાં પ્રથમ વખત પાનકાર્ડ વગર પાંચ કરોડથી વધુની સંપત્તિ ધરાવતા ઉમેદવારોને હવે ટેક્સ વિભાગ અને ચુંટણી પંચની ચકાસણીનો સામનો કરવો પડશે. ચુંટણી પંચ દ્વારા એવા ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે જેમના ઉપર કરચોરીની શંકા રહેલી છે. આ લોકોને ચુંટણી મેદાનમાંથી દૂર રાખવાની પણ હિલચાલ હાથ ધરવામાં આવી શકે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ અને ચુંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા સંયુક્ત ચાર્ટરના ભાગરૂપે ૨૦૧૪માં લોકસભાની ચુંટણી લડી રહેલા તમામ ઉમેદવારોના ચુંટણી એફિડેવીટોની ચકાસણી કરવામાં આવશે. છેલ્લી ચુંટણી બાદથી બે કરોડથી વધુની સંપત્તિ વધારી દેનાર ઉમેદવારોની ચકાસણી કરવામાં આવશે. ટેક્સ સત્તાવાળાઓએ ખાસ પ્રકારના પેરામીટરો તૈયાર કર્યા છે. જેનો ઉપયોગ ટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવશે. પરમનેન્ટ એકાઉન્ટ નંબર ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. ઉમેદવારની સંપત્તિ અને અન્ય મામલાઓમાં ચકાસણી કરવામાં આવશે. સીબીડીટી દ્વારા શક્ય તેટલા વધુ ઉમેદવારોની પાનકાર્ડની વિગત ઉપલબ્ધ કરાવવા ચુંટણી પંચને કહ્યું છે. આ રીતે નાણાંકીય બાબતોની ચકાસણી થઈ શકશે. કરવેરા વિભાગ દ્વારા પાનકાર્ડની બનાવટી વિગતોમાં તપાસ પણ થઈ શકશે. સંયુક્ત બ્લુપ્રિન્ટના જણાવ્યા મુજબ આઈટી વિભાગ જરૂરી બાબત તરફ ધ્યાન આપશે.

નવી વ્યવસ્થા હેઠળ આઈટી વિભાગ ચુંટણી એફિડેવીટની સાથે ઈન્કમટેક્સ રિટર્નની ચકાસણી કરશે અને સરખામણી કરવામાં આવ્યા બાદ પગલા લેવામાં આવશે. સીબીડીટીના અધિકારીઓએ કહ્યું છે કે, આ યોજના ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે.

**ભાજપ અને કોંગ્રેસ પર કેજરીવાલના પ્રહાર**

## નરેન્દ્ર મોદીને હરાવવાનો મુખ્ય હેતુ છે : કેજરીવાલ

નવી દિલ્હી,તા.૨

એએપીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વારાણસીમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને હરાવવાની વાત કરી હતી અને એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, તેઓ ભાજપમાં સામેલ થઈ શકે છે. એએપીના ઉમેદવાર રાજ મોહન ગાંધીના સમર્થનમાં પૂર્વીય દિલ્હીમાં બેઠકોમાં બોલતા કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ બન્ને ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, તેમનો ઈરાદો બિલકુલ સ્પષ્ટ છે. જો તેઓ સંસદમાં પહોંચવાનો ઈરાદો રાખતા હોત તો લોકસભાની ચુંટણીમાં સુરક્ષિત બેઠક પરથી ચુંટણી લડી હોત. પરંતુ આવો કોઈ ઈરાદો નથી. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ મોદીને હરાવવા માંગે છે. આજ કારણસર તેઓ વારાણસીથી ચુંટણી લડી રહ્યા છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને પણ હરાવવાની જરૂર છે. આજ કારણસર અમેઠીમાંથી કુમાર વિશ્વાસ લડી રહ્યા છે. મોદી અને રાહુલ ગાંધી બન્નેને હરાવવાની જરૂર છે. આ બે પાર્ટીના વડાને હરાવવાથી લોકો સમક્ષ સારો સંદેશો જશે. આ બન્ને નેતાઓ બે એવી પાર્ટીનું નેતૃત્વ કરી રહ્યા છે જે ભ્રષ્ટાચારમાં માને છે. કેજરીવાલે ધ્યાન દોર્યું હતું કે, ભાજપે કર્ણાટકમાં કલંકિત યેદીયુરપ્પાને મેદાનમાં ઉતાર્યા છે. એએપી દ્વારા પૂર્વીય દિલ્હીમાં રાજમોહન ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપ અને એએપી વચ્ચે આજ અંતર છે. આમ આદમી પાર્ટીમાંથી ખૂબ જ પ્રતિષ્ઠાનો વિષય છે. તેમની લઘુમતી સરકાર ૪૯ દિવસમાં જ પડી ભાંગી હતી. તેમણે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. તેઓ કોઈપણ પાર્ટીમાં સામેલ થશે નહીં.

કેજરીવાલે ગુજરાતમાં તેમના ઉપર અને હરિયાણામાં ભિવાનીમાં તેમના ઉપર કરાયેલા હુમલાની યાદ અપાવી હતી. અગાઉ કેજરીવાલના વિરોધમાં પણ દેખાવો કરાયા હતા. ભાજપ અને કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમના પર હુમલાઓ કરાવવામાં આવી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ તેમના નેતાઓને કચડી નાખવા માગે છે. પરંતુ અમે ક્યારેય ઝુકીશું નહીં. અંતિમ શ્વાંસ સુધી લડત ચલાવવામાં આવશે. અરવિંદ કેજરીવાલ આક્રમક પ્રચાર કરતા નજરે પડ્યા હતા.

## મમતા બેનર્જીનું સમર્થન મેળવવા ભાજપ ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૨

ભાજપના વરિષ્ઠ નેતાઓ લોકસભાની ચુંટણી પહેલાની અને લોકસભા ચુંટણી બાદની ગણતરીમાં લાગેલા છે. મમતા બેનર્જીનો ટેકો મેળવવા પણ ભાજપ દ્વારા પ્રયાસ કરવામાં આવી શકે છે. ભાજપ અને ટીએમસી વચ્ચે ચુંટણી



બાદ સમજુતી થઈ શકે છે. રાજકીય સુત્રોનું કહેવું છે કે, એવી પ્રબળ શક્યતા છે કે મમતા બેનર્જી પશ્ચિમ બંગાળની ઘણી તકલીફોને ઓછી કરવા પ્રાથમિક રીતે જંગી નાણાંકીય પેકેજ બદલ મોદીના નેતૃત્વમાં સરકારને ટેકો આપવા માટે સહમત થઈ જશે. તેમના માટે ૨૦૧૬ ખુબ મહત્વપૂર્ણ રહેશે. કારણકે એ વખતે રાજ્ય વિધાનસભાની ચુંટણી યોજાશે. પશ્ચિમ બંગાળના અર્થતંત્રને સજીવન કરવા બ્લોકબસ્ટર પેકેજની મમતાને જરૂર રહેશે. આવી સ્થિતિમાં મમતા બેનર્જી લોકસભાની ચુંટણી બાદ ભાજપને ટેકો આપવા વિચારણા કરી શકે છે. એવો અંદાજ મુકવામાં આવી રહ્યો છે કે, લોકસભાની ચુંટણીમાં ટીએમસી ૨૫થી ૩૦ બેઠકો બંગાળમાં જીતી શકે છે આવી સ્થિતિમાં ભાજપ અને કોંગ્રેસ બાદ સૌથી મોટા પક્ષ તરીકે તે રહી શકે છે. જોકે સુત્રોનું કહેવુ છે કે, ટીએમસી સરકારમાં વિધિવત રીતે સામેલ થાય તેવી શક્યતા ઓછી છે. બંગાળમાં ૨૫ ટકા મુસ્લિમ મત છે આવી સ્થિતિમાં મમતા બેનર્જી મોદીથી દૂર રહેવા પ્રયાસ કરશે. ભાજપ ચુંટણી બાદના સાથી પક્ષોને લઈને પણ વ્યસ્ત છે. માયાવતી સાથે પણ વાતચીત ચાલી રહી છે.

## માતાને મળવા માટે તરૂણ તેજપાલને મંજુરી ન મળી

પણજીમાં એડિશનલ સેશન કોર્ટે તહલકાના સ્થાપક એડિટર તરૂણ તેજપાલની અરજીને ફગાવી દીધી હતી. તરૂણ તેજપાલે તેમના બિમાર રહેતા માતાને મળવા માટે મંજૂરી આપવાની માંગ કરી અરજી કરી હતી. જોકે, એડિશનલ સેશન કોર્ટે અરજીને ફગાવી દીધી હતી. અરજીને ફગાવતા કોર્ટે નવેસરથી અરજી દાખલ કરવા મંજુરી આપી હતી. ચોક્કસ તારીખ અને સમય સાથેની અરજી રજુ કરવા તરૂણ તેજપાલને કહેવામાં આવ્યું છે.